કામ નં. ૧૪

**મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૬(વરિયાવ) : સુડા : સુરત અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૭ હેઠળ આવેલ વાંધા સૂચનાઓની વિચારણા કરી, સદરહું મુસદ્દારૂપ નગર રચના યોજના ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીને જરૂરી સાહિત્ય સહ મંજુરી અર્થે સાદર કરવા બાબત.**

## ઠરાવ નંબર : ૨૩૭૬

સુરત શહેરી વિકાસ સત્તામંડળ તરફથી નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ની જોગવાઈઓ મુજબ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૬(વરિયાવ) : સુડા : સુરતની યોજના બનાવવાનો ઈરાદો તા. ૩૧/૦૧/૨૦૦૪ ના રોજ જાહેર કરેલ, જે ગુજરાત સરકારશ્રીના એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ભાગ-૨ ઉપર તા. ૧૦/૦૨/૨૦૦૪ ના રોજ પાન નં. ૩૭ તથા ૩૮ ઉપર પ્રસિધ્ધ થયેલ સદર નગર રચના યોજનાની વિગતવાર દરખાસ્તો તૈયાર કરી, ઉક્ત કાયદાની જોગવાઈઓ અન્વયે, યોજનાની અંદર સમાવિષ્ટ જમીન માલિકો / હિત ધરાવનારાઓને જરૂરી સમજણ આપવા તથા વાંધા સૂચનો આવકારવા ઓનર્સ મીટીંગનું આયોજન તારીખ ૦૫/૧૨/૨૦૦૪ ના રોજ કરેલ તથા તેની જાહેરાત, દૈનિક સમાચાર પત્રોમાં આપેલ, જે મુજબ ઓનર્સ મીટીંગમાં હાજર રહેલ તમામને યોજનાની દરખાસ્તો તથા વિવિધ પાસાઓની વિસ્તૃત સમજણ આપવામાં આવેલ તથા તે મુજબ રજુ કરેલ રીકોન્સ્ટીટયુશન પ્લાનની સમગ્ર દરખાસ્તોને, સુડાબોર્ડ બેઠક નં. ૧૯૦ તા. ૩૧/૦૩/૨૦૦૪ ના ઠરાવ નં. ૨૩૦૭(૧) થી મુખ્ય કારોબારી અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવ્યા મુજબ મંજુર કરવામાં આવેલ હતી અને તદ્દાન્વયે કાયદાની જોગવાઈઓ હેઠળ સદરહું સ્કીમની દરખાસ્તો ઉપર જમીન માલિકો / હિતસંબધ ધરાવનારાઓ તરફથી વાંધા સુચનો આવકારવા ગુજરાત સરકારશ્રીના તા. ૨૫/૦૧/૨૦૦૫ ના એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટના ભાગ-૨ ના પાન નં. ૧૮ તથા ૧૯ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે તથા તેની જાહેરાત, દૈનિક વર્તમાનપત્રોમાં જાહેરજનતાની જાણ અર્થે આપવામાં આવેલ હતી, સદરહુ વિગતોએ તૈયાર કરેલ રીકોન્સ્ટીટયુશન પ્લાનની સમગ્ર દરખાસ્તો અન્વયે, ઓનર્સ મીટીંગ બાદ સ્કીમ પ્રસિધ્ધિના સમયગાળામાં તથા યોજનાની પ્રસિધ્ધિની તારીખથી એક માસની મુદ્દતમાં તથા કાયદાકીય સમયમર્યાદાની તારીખથી બોર્ડની તારીખના સમયગાળામાં મળેલ વાંધા સૂચનોનુ યોગ્ય વિવરણ પત્રક જરૂરી રીમાર્કસ સાથે બોર્ડ બેઠકમાં રજુ કરવામાં આવ્યું તથા વિસ્તૃત ચર્ચા વિચારણાને અંતે સમય મર્યાદાને ધ્યાને લઈ, તા. ૨૪/૦૪/૨૦૦૫ સુધીમાં પ્રસ્તુત યોજનાનો મુસદ્દો કાયદાની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીને જરૂરી વિગતોસહ મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવેલ છે. તથા સદરહું યોજનાની આગળની કામ કાયદેસરની કાર્યવાહી માટે મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સત્તા આપવામાં આવી.

(અમલ : ટેકનીકલ શાખા)